brampton.ca **BRAMPTON** Flower City

**media release**

માર્ચ 12, 2018

# સીટી કાઉન્સિલ 2018 નાં કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામ દ્વારા ઈમ્પેક્ટ માટે (સમુદાય અનુદાન કાર્યક્રમ દ્વારા પ્રભાવ પાડવા માટે) રોકાણ કરી રહ્યું છે

બ્રામ્પટન, ઓન્ટેરિયો – સીટી ઓફ બ્રામ્પટન, વર્ષ 2018 નાં કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામ મારફતે બ્રામ્પટન સ્થિત, નફો નહિ રળનારી સંસ્થાને ભંડોળ પૂરું પાડવા $850,000 નું રોકાણ કરી રહ્યું છે.

આ વર્ષે, સીટી કાઉન્સિલે નવા તહેવારો ઉજવવા, સ્પોર્ટ ટુરિઝમ આયોજનો કરવા, રિક્રિએશન પ્રોગ્રામ્સ, કળા અને સાંસ્કૃતિક કાર્યક્રમોને સહાયતા આપીને, તેમજ પુનરાવર્તિત થતા પ્રસંગોમાં રોમાંચક ફેરફારો કરીને 34 પ્રોજેક્ટ્સ અને પ્રોગ્રામ્સ મંજૂર કર્યા. આ રોકાણ હકારાત્મક ઊર્જા ઊભી કરીને શહેરની સાંસ્કૃતિક કંપાયમાનતા વધારશે, નાગરિકોમાં ગૌરવ અને સામુદાયિક મોહ ઊભું કરશે.

સહાય મેળવનારા કાર્યક્રમોની પૂરી યાદી અહીં જોઈ શકાય છે.

જાન્યુઆરી 2018 થી નવી, નેબરહૂડ ઈનિશિએટિવ્સ સ્ટ્રીમ એવા પ્રોજેક્ટ્સને સહાયતા કરે છે જે બ્રામ્પટનની ઓળખ ઊભી કરતા સાન્નિધ્યને વધારે મજબૂત બનાવવાનું સૂચવે છે. વાર્ષિક ભંડોળ ફાળવણી વપરાઈ ના જાય ત્યાં સુધી આને લગતી અરજીઓ વર્ષભર સ્વીકારવામાં આવશે.

શહેરના ગ્રાન્ટ પ્રોગ્રામ્સ વિશે વધુ માહિતી મેળવવા, વેબસાઈટ www.brampton.ca જુઓ.

**અવતરણ (ક્વૉટ):**

"શહેરનો કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામ એક મહત્વનું રોકાણ છે જે રહેવાસીઓ અને મુલાકાતીઓને આપણાં શહેરને લક્ષમાં લેવાની, શોધવાની અને વખાણવાની વધારે તકો પૂરી પાડીને, સામુદાયિક સંસ્થાઓને નવા અને વધારે સારા અનુભવો આપવામાં મદદરૂપ થશે."

- મેયર લિન્ડા જૅફ્રી (Linda Jeffrey)

-30-

**બ્રામ્પટનમાં મોટા પાયે ફેરફારો થઈ રહ્યાં છે.** આપણે વેધક ધ્યાન કેન્દ્રિત કરતા ભવિષ્ય માટે તૈયાર સંસ્થા છીએ. આપણે આપણાં સમુદાયની વૃદ્ધિ જાણીએ છીએ, જુવાની અને વિવિધતા આપણને અલગ અલગ કરે છે. આપણે કેનેડાના નવીન શોધ કરતા સુપર કોરિડોરના કેન્દ્રમાં સ્થિત, રોકાણ પ્રોત્સાહક અને આપણી વૈશ્વિક સફળતા વિકસાવનાર છીએ. આપણે કંપાયમાન શહેરી કેન્દ્રો વિકસાવીએ છીએ જે તક પ્રજ્વલિત કરે છે અને અહીં રહેતા અને કાર્યરત લોકોમાં ગૌરવ રેડીએ છીએ. આપણે બ્રામ્પટનને આગળ વધારી રહ્યાં છીએ જે તેને નવીનતમ, સર્વગ્રાહી અને જુસ્સામય શહેર બનાવે. અમને Twitter અને Facebook પર અનુસરો. www.brampton.ca પર વધુ માહિતી જાણો.

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
નાટાલી સ્ટોગડિલ (Natalie Stogdill)
મીડિયા કોર્ડિનેટર (Media Coordinator)
સીટી ઓફ બ્રામ્પટન (City of Brampton)
905.874.3654 | natalie.stogdill@brampton.ca